ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

# વહોરા સમાચાર

## સમાજને સાચવીને ચાલો

કયો સમાજ એવો છે જયાં સૌ કોઇ દરેક બાબતમાં એક જ મત ધરાવતા હોય ? એક જ વિષય ઉપર દસ માણસો જુદો જુદો મત ધરાવતા હોય છે. આમ દરેક બાબતમાં એકમતી શકય નથી. પણ સમજુ સમાજમાં આ મતમતાંતર ઝગડાનું કારણ બનતું નથી. સમજદાર લોકો મતમતાંતરને માથાં ફોડીને દૂર કરતા નથી. એક સમજદાર માનવીના નાક ઉપર જયારે માખી બેસે છે ત્યારે તે ગુસ્સે થઇ પોતાનું નાક કાપી નાખતો નથી પણ પોતાના હાથથી માખી ઉડાડી દે છે.

આમ જયાં સુધી અકકલ અને શરાફતથી આપણે કામ કરીશું તો આપણે આપણા મતભેદોનો નિકાલ માથા ફોડયા વગર કરી શકીશું.

પણ જો આપણે અકલમંદી અને શરાફત તજીને સ્વાર્થી બનીશું તો પછી આપણું કામ મુશ્કેલ છે.

આપણે સૌએ હળી મળીને રહેવાની આજે કયારેય ન હોતી એવી જરૂર છે.

- શાકિર ઉનિઆ

(સમઝ અપની અપની માંથી)


■ મસ્ત મંગેરા

માહે મોહર્રમ ૧૪૪૩ સપ્ટેમ્બર ૨૦૨૧ તંત્રી: મસ્ત મંગેરા

www.ssvmes.org
vohrasociety@gmail.com
vohrasamachar@gmail.com
www.vohratimes.org
vohrasociety@yahoo.com
vohrasamachar@yahoo.com

## ઇન્તેકાલે પુરમલાલ

### જનાબ એમ.એસ. કારા સા. અલ્લાહની રહેમતમાં



આપણી સોસાયટીના માજી ઉપ પ્રમુખ અને મેનેજીંગ કમિટીના સભ્ય **જનાબ મોહંમદ સાદીક સુલેમાન કારા સા.** નો **તા.૦૨-૦૮-૨૦૨૧** ના **સોમવાર**ના રોજ **નાની નરોલી** મુકામે ઇન્તેકાલ થયો છે. **(ઇ.લી.)** **જનાબ મોહંમદ સાદીક કારા સા.** ગુજરાત સરકારના પોલીસ ખાતામાં સબ ઇન્સ્પેકટરના પદથી લઇને ડી.વાય.એસ.પી.સુધી ફરજ બજાવી હતી.પોલીસ ખાતામાં એમની ગણના એક ઇમાનદાર, કર્તવ્યનિષ્ઠ અને બાહોશ ઓફીસર તરીકે થતી હતી. એમણે પોલીસ ખાતામાં રહી આપણા સમાજના ઘણા કામો કર્યા છે.એમણે આપણી વહોરા સોસાયટીની સાથે સાથે નાની નરોલી વેલ્ફેર હાઇસ્કુલના પ્રમુખ પદે રહી સ્કુલ અને ગામની અમૂલ્ય સેવા કરી હતી. એમનો કુશળ વહીવટ, ગરીબો પ્રત્યેની સેવા અને માર્ગદર્શકની ભૂમિકા અને એમની કુર્બાની કાબીલેદાદ હતી જે હંમેશા યાદ રહેશે.એમના ઇન્તેકાલથી આપણી વહોરા સોસાયટીને તથા નાની નરોલી ગામને તેમજ સંસ્થાઓને સદીઓ સુધી ન પુરાય એવી ખોટ ગઇ છે. અલ્લાહપાકથી દુઆગો છીએ કે અલ્લાહપાક એમની બાલ- બાલ મગફીરત ફરમાવી જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે અને એમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે. આમીન.

**સોસાયટીના તમામ કાર્યકર્તાઓ એમના દુ:ખમાં સહભાગી છે.**

## જઝાકુમુલ્લાહ

**જનાબ યુસુફભાઇ મેહમુદ પટેલ સા. અંકલેશ્વર** તરફથી **રૂા. ૫૦,૦૦૦/-** સોસાયટીના એ.વાય. દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટમાં **જનાબ સઇદભાઇ દરસોત સા.** હસ્તે મળ્યા છે. **જઝાકુમુલ્લાહ**

## આપણા સમાજનું ગૌરવ

**M.D.**



**પાનોલી**ના વતની અને હાલ પ્રેસ્ટન -યુ.કે. ખાતે સ્થાઇ **જ. મુસા દાવુદ બોબાત સા.** ની દીકરી તેમજ જર્મની ખાતેના આપણા માનદ્ પ્રતિનિધી **જ.હાસીમભાઇ બોબાત સા.** તથા પ્રેસ્ટન યુ.કે. ખાતેના આપણા હિતેચ્છુ હમદર્દ **જ.સીદીકભાઇ બોબાત સા.** ની ભત્રીજી **હુમેરા** એ કાર્ડીફ યુનિવર્સીટી,યુ.કે દ્વારા લેવાયેલ **M.D.** ની પરીક્ષા પાસ કરી ડૉકટરની પદવી મેળવી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

**Bachelor of Laws**



**રાંદેર**ના વતની અને હાલ સા.આફ્રિકા સ્થાઇ **આયશા મોહંમદ ધુપલી** એ **University of the free state** સા.આફ્રિકા દ્વારા લેવાયેલ **Bachelor of Laws** ની પરીક્ષા પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

**B. ed.**



**સામરોદ** ના વતની **મોહંમદ અસલમ સુરતી** એ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટી, સુરત દ્વારા લેવાયેલ **B. ed** ની પરીક્ષા પાસ શ્રી એસ.આર. પટેલ બી.એડ કોલેજ અણીતા (કીમ) માંથી પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

**M.Com.**



**વાંકાનેર** ના વતની **મોહસીન મહમદ અફઝલ માયાત** એ ઉકા તરસાડીયા યુનિવર્સીટી, બારડોલી દ્વારા લેવાયેલ **M. com** ની પરીક્ષા પાસ માલીબા કેમ્પસ, બારડોલી માંથી પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

## વર્ષ - ૨૦૨૧ S.S.C. માં સફળ થયેલા પ્રતિભાશાળી તારલાઓ



**ઝૈનબ ઉમર પટેલ**
ગામ:- જોગવાડ, ૯૦.૮૩%



**સીમા હનીફ મોતાલા**
ગામ:- વરેઠી, ૮૭.૬૬%



**મન્તશા સલીમ અસ્વાત**
ગામ:- જોગવાડ, ૮૬.૩૩%



**સાદીયા શબ્બીર ભૈડુ**
ગામ:-કોસાડી, ૭૬.૧૬%



**ઝૈનબ મોહંમદ ટીલી**
ગામ:- રાંદેર, ૬૧.૬૬%

## વહોરા સમાચાર

▪ **હદીશ શરીફ**

● દુ:ખી માણસની સેવા કરનાર જન્નતના બગીચામાં રહેશે.

● અનાથોની સંપત્તિ હડપ કરનારાઓ નરકની આગમાં સળગશે.

▪ **ચિંતન**

● નવા મિત્ર અને જુના દુશ્મનથી હંમેશા સાવધાન રહેવું.

● હંમેશા બીજાનું ભલુ કરવાનું વિચારો.


**અંક : ૦૯**

**માસ : સપ્ટેમ્બર ૨૦૨૧**

**માહે : મોહર્રમ ૧૪૪૩**

**તંત્રી : મસ્ત મંગેરા**


▪ **શેર :-**

● મેરી ખૂબીયોં પે રહે યહાં અહેલે ઝુંબાં ખામોશ
મેરે ઐબો પે ચર્ચા હુઇ તો ગૂંગેભી બોલ પળે.

● સિયાસત ઇસ કદર અવામ પર
અહેશાન કરતી હૈ,
યે આંખે છીન લેતી હૈ
ઔર ચશ્મે દાન કરતી હૈ.

## ▪ તંત્રી સ્થાનેથી...!

આજે આપણી પ્રિય સોસાયટીના શરૂ થવાના ૭૫ માં વર્ષની પ્રગતિ અને લાંબી સફરની મુસાફરી વિષે લખતા અનહદ આનંદ થાય છે.

ભારતને આઝાદી મળી તેજ વર્ષે ઇ.સ. ૧૯૪૭ માં આ સંસ્થા અસ્તિત્વમાં આવી એ આનંદ અને ગર્વનો વિષય છે.

અલ્લાહ તઆલાની આપણા સમાજ પર ઘણી મહેરબાની છે.

સમાજના દિગ્ગજ/મહાન એવા તે સમયના મહાન સપૂતો એ આ સંસ્થાની શરૂઆત કરેલી એ સૌને માટે આપણે અલ્લાહતઆલાથી દુઆ કરીએ એ સૌને આ નેક કામનો બદલો આપે.

**હવે જયારે ૭૫ મું વર્ષ – અમૃત મહોત્સવ**

સોસાયટીનો શરૂ થાય ત્યારે આપણે આ કાર્યને આગળ ધપાવવા નવા વિચારો સાથે આગળ વધવું પડશે.

આ સંસ્થાની શરૂઆતના બીજા વર્ષથી જ હું સંસ્થા સાથે જોડાયેલો છું. ઇ.સ.૧૯૪૮ થી સ્કોલરશીપ મેળવી અભ્યાસ કર્યો અને ઇ.સ.૧૯૬૨ થી સંસ્થાના એક કાર્યકર તરીકે સદા સાથે રહયો.

સોસાયટીએ બીજે વર્ષે ૧૯૪૮-૪૯ માં ૧૯૮ વિધાર્થીઓને મદદ આપેલી તેમાં હું પણ હતો. વાર્ષિક રૂા.૧૨૦ પણ તે વખતે એ રૂપિયા પૂરતા હતા. કુલ રકમની વ્હેંચણી રૂા.૯,૦૩૧ વિધાર્થીઓને કરેલી.

આજે પરિસ્થિતિ જૂદી છે. ખર્ચાઓ ઘણા મોટા છે. વિધાર્થીનો મોટા સમૂહ અભ્યાસ કરતો થયો છે. એ અંગે સ્કોલરશીપ વધુ પ્રમાણમાં આપવા વિચારવાની ખાસ જરૂર છે. ફંડ મોટું એકત્ર કરવાથી જ આ કામ થઇ શકે છે. વિચારજો-આપનો પ્રતિઉત્તર પણ મોકલવા વિનંતી.

આભાર સહ

▪ **મસ્ત મંગેરા (કાંગવઈ)**


**E-mail : mastamangerakangwai@yahoo.com**
**Mob : 9426771991**



તંત્રી,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઈબ્રાહીમ મંગેરા ('મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાન:- નટરાજ પ્રિન્ટર્સ,ઈન્દરપુરા આંબાવાડી,સુરત
પ્રકાશન:- વહોરા સમાચાર,કાર્યાલય સ્થળ :- સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે,સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :-ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.

## કયામતથી જન્નત સુધી

- મૂસાજી દીપક બારડોલીકર

**આકાશો ચિરાશે:**

અબૂ-બકર ઇબ્ને અબૂ-અદ દુનિયા તેમના ગ્રંથ "અલ- અહવાલ " માં નોંધે છે કે, ઇબ્ને અબ્બાસ (રદિ.) વર્ણવે છે : પુનર્જીવનના દિવસે જમીનને ચામડાની માફક ખેંચીને વિસ્તૃત કરી દેવામાં આવશે. અને મખલૂકને એક સપાટ મેદાનમાં ભેગી કરવામાં આવશે, જયાં જિન્નાત પણ હશે, માણસો પણ. ત્યાર પછી ધરતી ઉપરનું આકાશ ચિરાશે અને આકાશવાસીઓ ધરતી પર ઉતરશે. લોકો ક્ષોભ અનુભવતાં તેમને પૂછશે: તમારી વચ્ચે અમારો ખુદા છે ? તેઓ આ શબ્દોથી નાખુશ થશે અને કહેશે, અમારો અલ્લાહ ગૌરવશાળી છે. તે અમારી વચ્ચે નથી. તે આવનાર છે.

ત્યાર પછી એક પછી એક એમ સાત આકાશો ચિરાઇ જશે. અને ત્યાંના વાસીઓ નીચે ઉતરશે. ગૌરવશાળી અલ્લાહની પધરામણી થશે. સર્વ ઉમ્મતો હરોળબંધ ઉભી રહેશે. અને એક પોકારનાર કહેશે, તમે બહુ જલ્દી જાણશો કે આજે માનને પાત્ર કોણ છે. જેમને ટોળામાંથી અલગ કરી જન્નત તરફ રવાના કરવામાં આવશે. એ હશે જન્નતમાં પ્રવેશનારૂં પહેલું જૂથ.

ત્યાર પછી એક બીજી પોકાર થશે, તમે બહુ જલ્દી જાણશો કે આજે આદરપાત્ર કોણ છે. અને એ એક બીજું જૂથ જન્નત તરફ જશે. અને ત્યાર પછી જહન્નમમાંથી એક ગરદન બહાર આવશે. તેના પર બે આંખો હશે. તે દુરાગ્રહી, અત્યાચારીઓ, અલ્લાહ અને તેના રસૂલને પીડા કરનારા તથા ચિતારાઓને ઉપાડી જશે. અને ત્યાર પછી હિસાબ કિતાબ અને કેસોની ચકાસણી શરૂ થશે. (ઇબ્ને કસીર)

મહશરમાં અલ્લાહની પધરામણી અને લોકોના હિસાબ કિતાબની ઘટનાનું બયાન કુર્આને કરીમમાં આ રીતે કરાયું છે:

અને ધરતી તેના રબના નૂરથી ઝગમગી ઉઠશે. અને કિતાબ (કર્મપોથી) સ્થાપિત કરાશે અને પયગમ્બરો તથા સાક્ષીઓને લાવવામાં આવશે. અને તેમની (લોકોની) વચ્ચે ફેંસલા સચ્ચાઇ પૂર્વક કરાશે. અને તેમને અન્યાય કરવામાં નહીં આવે. અને દરેક માણસને તેણે જે કર્યુ હશે તેનો પૂરો બદલો અપાશે. અને તેઓ જે કરે છે તેનાથી તે (અલ્લાહ) સારી પેઠે વાકિફ છે.

**દોષ તમારી જાતને દો:**

આ ઘટનાનું વર્ણન સૂર વિશેની એક ખાસી વિસ્તૃત હદીસમાં પણ કરાયું છે. અને એની અંદર કેટલીક વિશેષ વાતો પણ છે. સૈયિદિના અબૂ હુરયરહ (રદિ.) નો હવાલો ધરાવતી અને બયહકી તથા તબરાનીએ તેમજ અન્ય વિદ્વાનોએ નોંધેલી એ હદીસનો આવશ્યક અંશ અહીં ઉતારવામાં આવે છે.

હદીસ પ્રમાણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું: (એ દિવસે તમે) ઉઘાડપગા,નવસ્ત્રા, ગમગીન હશો. સુન્નત પણ કરાયેલી નહીં હોય. પછી તમે એક સ્થળે સિત્તેર વર્ષ (અન્ય હદીસમાં ચાળીસ વર્ષ કહયું છે) ઉભા રહેશો. તે (અલ્લાહ) તમારી તરફ જોશે નહીં અને તમારો ફેંસલો કરશે નહીં. તમે રડશો ત્યાં સુધી કે આંસુ ખુટી જશે અને લોહી વહેવા લાગશે અને પરસેવો તમારા મોઢા યા ગાલ સુધી આવી જશે. તમે કાકલુદી કરશો કે: આપણા માલિક આગળ આપણા વિશે કોણ સિફારસ કરશે કે તે આપણો ફેંસલો કરે.- તેઓ કહેશે: એ કામ માટે તમારા પિતા આદમ સિવાય કોણ લાયક હોઇ શકે ? અલ્લાહે પોતાના હાથે તેમનું સર્જન કર્યુ હતું અને તેમની અંદર પોતાની રૂહ ફૂંકી હતી. અને તેમની સાથે વાતો કરી હતી.

તેઓ આદમ પાસે આવશે અને તે કામ માટે અરજ ગુજારશે. પણ તેઓ ઇન્કાર કરતાં કહેશે: હું એ કામ માટે નથી. ત્યાર પછી તેઓ એક પછી એક એમ બધા પયગમ્બરો પાસે જશે અને દરેક લાચારી દર્શાવશે. અને છેવટે તેઓ મારી પાસે આવશે.- હું અલ - ફશ સુધી જઇશ અને સજદામાં શિર ઝુકાવી દઇશ.

અબૂ હુરયરહે (રદિ.) પૂછયું, અલ - ફશ શું છે ? આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું : એ અર્શે આઝમના પાયા આગળની એક જગ્યા છે. અલ્લાહ એક ફરિસ્તાને મારી પાસે મોકલશે, જે ખભો પકડી મને ઉભો કરશે. અને (અલ્લાહ) કહેશે, ઓ મુહમ્મદ ! - હું કહીશ: જી, હાજર છું મારા માલિક ! તે કહેશે: શી વાત છે ? - જો કે તે જાણતો જ હશે, હું કહીશ: ઓ મારા માલિક ! તેં મને સિફારસનો વાયદો કર્યો હતો. માટે તારી મખલૂક માટે મારી સિફારસ કબૂલ કર. અને તેમના કેસોનો ફેંસલો કર અને તે કહેશે: તમારી સિફારસનો હું સ્વીકાર કરૂં છું. હું તમારી પાસે આવીશ અને તમારા કેસોનો નિકાલ કરીશ.

હદીસમાં દર્શાવ્યું છે કે ત્યાર પછી આકાશમાંથી મખલૂક ઉતરશે.તેમના નૂરથી ધરતી ચકચકિત થશે. લોકો તેમને પૂછશે, શું તમારી વચ્ચે અમારો રબ છે ? જવાબ મળશે કે નથી. તે આવનાર છે. ત્યારપછી અન્ય આકાશવાસીઓ ઉતરશે. અને ગૌરવશાળી અલ્લાહની પધરામણી થશે,વાદળો અને ફરિસ્તાઓની છાયામાં. એ દિવસે તેનું અર્શ આઠ ફરિસ્તાએ ઉપાડયું હશે.તેમના પગ ધરતીના ગહનતમ ભાગ સુધી પહોંચતા હશે. ધરતી અને આકાશ તેમની ગોદમાં હશે અને અર્શ તેમનાં ખભા ઉપર. તેઓ અલ્લાહની આ પ્રશસ્તિ ગાશે:

ગૌરવશાળી છે શકિત અને સત્તાનો માલિક. ગૌરવશાળી છે સાર્વભૌમત્વ અને બાદશાહતનો માલિક. ગૌરવશાળી છે હરહંમેશ જીવંત રહેનાર અને જે કદી મરનાર નથી. ગૌરવશાળી છે તે જે મખલૂકોનું મરણ નીપજાવે છે પણ તે કયારેય મૃત્યુ પામશે નહીં.

અલ્લાહ ઇચ્છશે ત્યાં તેની ધરતી ઉપર પોતાનું આસન ગોઠવશે. અને ત્યાર પછી પોતાના અવાજમાં કહેશે: ઓ જિન્ન અને મનુષ્યના સમુદાય ! નિ:શંક તમારું સર્જન કર્યુ ત્યારથી આજ દિન સુધી હું તમારા વિશે ખામોશ રહયો હતો. તમારા ઉચ્ચારણો સાંભળ્યા અને તમારા કાર્યો જોયા. તો હવે મારા તરફ ધ્યાન આપો. આ છે તમારા કર્મોનો હિસાબ- કિતાબ, જે તમને વાંચી સંભળાવવામાં આવશે. તો જેનો હિસાબ સારો, તેણે અલ્લાહની પ્રશંસા કરવી જોઇએ અને જેનો હિસાબ અન્ય પ્રકારનો હોય તેણે અન્ય કોઇને નહીં, પોતાની જાતને દોષ દેવો જોઇએ.

મતલબ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની સિફારસ પછી અલ્લાહ તઆલા મહશરમાં પધારશે, હિસાબ કિતાબની કાર્યવાહી હાથ ધરશે અને પરેશાન લોકોને શાંતિ થશે.

**ગંભીર ગુના કરનારા:**

અને છેલ્લે આ જાણી લઇએ કે અલ્લહના રસૂલ સલ્લલ્લાહું અલયહિ વસલ્લમના અંતરમાં પોતાની ઉમ્મત માટે લાગણી કેટલી હતી અને આપ સલ્લલ્લહુ અલયહિ વસલ્લમની સિફારસ કોના માટે હશે. અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર (રદિ.) વર્ણવે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું, મને સિફારસ અને મારી અડધી ઉમ્મતને જન્નતમાં દાખલ કરવાની ખાતરી વચ્ચે પસંદગી કરવા કહેવામાં આવ્યું હતું. મેં સિફારસને પસંદ કરી હતી. કેમ કે એ વિશેષ સામાન્ય અને લાભકારક છે. શું તમો સૌને સદાચારી જુઓ છો ? નહીં, બલ્કે તમે ગુનેગારો અને પાપીઓને જોશો. (ઇબ્ને માજા) **(ક્રમશ)**

# એક વાત યાદ રાખો.....

તમારામાં કાબેલિયત હશે તો દુનિયાનો કોઇ જાતિવાદ તમને રોકી નથી શકવાનો. દરેક ધર્મ દરેક જાતિના, આસ્તિક, નાસ્તિક બધા જ તમને સલામ ઠોકશે. ૯/૧૧ પછી આખુ અમેરીકા હચમચી ઉઠયું હતું. મુસ્લિમ પ્રત્યે નફરતનો એ દૌર હતો. પણ....

કાબેલિયત હતી તો હુશૈન ચાચાના છોકરાને પોતાના રાષ્ટ્રની કમાન સોંપી. લંડન જેવા આધુનિક શહેરે કેટલાયે કુઠારાઘાત સહન કર્યા. પણ કાબેલિયત હતી તો સાદીક ખાનને પોતાનો મેયર બનાવ્યો. એરોગેટ અમેરીકન મ્યુઝિક ઇન્ડસ્ટ્રીમાં કોઇને પગપેસારો મળતો નથી. ખુદ બ્રિટિશરો પણ તેમાં ઝટ સ્થાન નથી પામી શકતા. પણ કાબેલિયત છે તો ઝૈન મલિક બિલબોર્ડમાં ટોપ પર બીરાજે છે.

પ્રખર ભાજપી નેતાને ગોળી વાગી હતી ત્યારે લીવર ટ્રાન્સપ્લાન્ટ માટે કોઇ પ્રખર હિંદુવાદી ડોકટરનો સંપર્ક નહોતો સધાયો, કાબેલિયત હતી એટલે ડો. મોહમ્મદ રેલાને સ્પેશ્યલ પ્લેન મારફતે બોલાવવામાં આવ્યા હતા. એ જ ભાજપ સરકારે કાબેલિયત હતી એટલે જ એક કલામ નામના મુસલમાનને દેશના સર્વોચ્ચ પદે બેસાડયા હતા.

કાબેલિયત છે એટલે દુનિયાની સૌથી મહત્વની આંખની રિસર્ચ ડૉ. હુમાયુને સોંપાઇ છે. દાઢી છે તો પણ કાબેલિયતના કારણે હાશીમ અમલા રંગભેદના સૌથી મોટા શિકાર દેશ દક્ષિણ આફ્રિકાનો કપ્તાન છે.

કાબેલિયત હતી એટલે અરબી મુળના ઝિનેદીન ઝીંદાને ફ્રેન્ચ ફુટબોલની કપ્તાની મળી હતી. રશિયન કોઇના બાપની પણ સાડાબારી નથી કરતા. કાબેલિયત હતી એટલે કરીમ કરીમોવ સોવિયેટ સ્પેસ પ્રોગ્રામનો ફાઉન્ડર બન્યો અને દુનિયાની પહેલી હ્યુમન સ્પેસ ફલાઇટ અને સ્પેસ સ્ટેશનનો ચીફ આર્કિટેકટ બનાવાયો.

ખ્રિસ્તીઓ ધર્મના આધારે આચરણ કરતા તો નાસામાં મુસ્લિમનો **મ** સુધ્ધા ન હોત.પણ કાબેલિયત હતી એટલે ફારૂક અલ બાઝ પહેલું ચંદ્રયાન એપોલોનો ચીફ લીડર બનાવાયો હતો. જાવેદ ખાન મુંબઇ પોલિસ કમિશ્નર બની શકે છે.

ધર્મની વાતોની આડ લઇને પેઢીને એજયુકેટ ના કરવી એ વાતો બાલિશ છે.

મુસ્લિમ યુવાનોમાં એક તારણ એ પણ નીકળેલ છે કે જેવી તેની ૧૮ વર્ષની ઉમર થાય કે તેના પર બેરોજગારનું લેબલ ચોંટાડી દેવામાં આવે છે. બે-ચાર હજારની નોકરી જોતરી દેવામાં આવે છે. ઓછું પડતું હોય તેમજ વીસ વર્ષમાં પરણાવી દેવામાં આવે છે.

એક ઉપાય છે ઝકાત. જે ઇસ્લામમાં ફર્જ છે. હવે દરેક ગામમાં એક મુસ્લિમ કરોડપતિ તો હોય જ છે અને તે અઢી ટકાના હિસાબે દર વર્ષે ઝકાત કાઢતો હોય તો અઢી લાખ રૂપિયા દરેક ગામમાંથી નીકળે. મારા વિચારો એક લાખ પણ એજયુકેશન માટે અનામત કાઢી લે તો ભારતભરના હજારો ગામોમાંથી કેટલા લાખ છોકરા છોકરીઓને ઉચ્ચ અભ્યાસ માટે દત્તક લઇ શકે છે. તમે કરોડોની આલિશાન મસ્જીદો બંધાવો છો અને પાંચ હજાર રૂપિયાની દવા વગર લોકો દમ તોડે છે. પાંચ દસ હજારની લાલચમાં ટપોરી બની જાય છે.

આમ તો ખાલી દાઢી રાખી લેવાથી જન્નત નહીં મળે. ઇસ્લામના બીજા હક પણ અદા કરવા પડશે. ઢગલાબંધ છોકરા પેદા કરીને રસ્તે રઝળતા મુકી દેવાનું ઇસ્લામમાં કયાંય નથી કહેવામાં આવ્યું. બલ્કે તેની તબીયત, દરેક બાળકનું પુરેપુરુ ધ્યાન રાખવું, સારુ ઇલ્મ (જ્ઞાન એજયુકેશન) આપવું ફર્જ કહેવામાં આવ્યું છે. તે કયાં ફરે છે, કોની સંગતમાં રહે છે, એ દરેક જવાબદારી પાલકની છે. કાલે ઉઠીને એ ઔલાદ કોઇ ગુનાહિત કાર્યોમાં સંડોવાય ત્યારે ટી.વી.માં નિર્દોષ ચહેરા બનાવીને એ તો વર્ષોથી અમારા કહેવામાં રહયો જ નથી જેવા બહાના કાઢીએ ત ના ચાલે.

ઔલાદને સારુ ભણતર આપવું અને સારો માનવ બનાવવો પણ એક ફર્જ છે. દરેક મુસ્લિમે ૧૫ કરોડની વસ્તીમાં ૧૫ આઇ.એ.એસ. નથી નીકળી શકતા એ શરમજનક વાત છે.

બાળકોને કેમ વિચારવું એ શીખવાડો, શું વિચારવું એ નહીં !

**પ્રેષક:- અ.રહેમાન ઇ. પટેલ**
**પેટબ્રો, બાટલી-યુ.કે.**

## ઉત્પત્તિ હેતુ અને પ્રારંભિક સ્વરૂપ

કાર્ય નાનું હોય કે મોટું, પરંતુ અમુક સંજોગોમાં એ કાર્ય અંગે કોઇ વ્યકિતના દિમાગમાં વિચાર સ્ફૂરે છે. તેના ઉપર મનોમંથન થતું રહે છે. અને જયારે વિચારો પરિપકવ થાય છે ત્યારે તેને સાકાર કરવાનાં ચક્રો ગતિમાન થાય છે. વિચાર ભૂમિકા વાસ્તવદર્શી અને નકકર સ્વરૂપ પ્રગટ કરે છે.

સુરતી સુન્ની વહોરા કોમના નામે ઓળખાતા આ સમાજનો લાંબો ઇતિહાસ છે. એ કોમમાં અસંખ્ય મહાનુભવો પાકયા હશે,પરંતુ કોઇના દિમાગમાં સુરતી સુન્ની વહોરા સમાજની જુદી-જુદી જમાઅતના સમાન હિતોને લક્ષમાં લઇ, એકતા કે એકરાગિતાથી ઉકેલ લાવવાના પ્રયાસો થયા હોય એવું જાણવા મળ્યું નથી.

કુદરતની બલિહારી ન્યારી છે. જે કામનો યશ જેને આપવા તે માગે છે તેને પસંદ કરી, માધ્યમ બનાવી તેના દ્વારા તે આ કામ કરાવે છે. વહોરા સમાજના એક વેપારી સજ્જન શેઠ મી.મોહંમદ દાવજી દાદાભાઇ સા. પોતાના ધંધાર્થે કલકત્તામાં વસવાટ કરતા હતા.તે દરમિયાન ધંધાર્થે મેમણ કોમના અગ્રેસર વેપારી અને મેમણ એજયુકેશન એન્ડ વેલફેર સોસાયટીના પિતા સર હાજી આદમજી દાવુદના સહવાસમાં આવ્યા. જયાં વખતો વખત મેમન એજયુકેશન એન્ડ વેલફેર સોસાયટીની ચર્ચાઓ સાંભળતાં તેમને એ વિષયમાં રસ ઉત્પન્ન થયો અને એ સોસાયટીની વિગતોમાં ઉંડા ઉતરી રસ પૂર્વક વિગતોથી ચર્ચાઓ સાંભળતાં તેમને એ વિષયમાં રસ ઉત્પન્ન થયો. અને સોસાયટીની વિગતમાં ઉંડા ઉતરી રસપૂર્વક વિગતોથી માહિતગાર બન્યા.પોતાના મનમાં તેમણે દ્રઢ સંકલ્પ કર્યો કે, આવી જ નવતર અને સમાજોપયોગી સોસાયટીનું નિર્માણ કરવું જોઇએ. આ દરમિયાન તેઓ સુરત આવ્યા. સુરતના વસવાટ દરમિયાન તેમણે આ વાત તેમના મિત્રોને કહી. એમની આ હૃદયર્સ્પશી વાત સાંભળી કેટલાકે આશ્વાસનો આપ્યાં, વળી કેટલાક તરફથી નિરાશાના સૂરો પણ સાંભળવાના મળ્યાં. તેમ છતાં હતોત્સાહી ન બનતાં તેમણે નિષ્ઠાપૂર્વક આ કાર્યની ચર્ચા ચાલુ રાખી. આ દરમિયાન કુદરતી સંકેતે પણ સાથ આપ્યો. એજ અરસામાં બારડોલીના જાણીતા અગ્રેસર મર્હુમ હાજી ઇબ્રાહીમ અહમદ પટેલ સાહેબને ત્યાં તેમના મોટા પુત્ર ખલીલ અહમદની શાદીનો પ્રસંગ આવ્યો જયાં મી.મોહંમદ દાવજી દાદાભાઇ (સુરત), જ. એ.વાય.બોટાવાલા (રાંદેર), મર્હુમ ઇબ્રાહીમ હસનજી વહોરા (કઠોર),જ.ઇબ્રાહીમ મોહંમદ પટેલ (કોસંબા),જ.મોહંમદ કાસમજી (મો.માંગરોલ) વિગેરે અનેક અગ્રગણ્ય વ્યકિતઓ ત્યાં ઉપસ્થિત હતી, ત્યાં ચર્ચા - વિચારણા થઇ, આ દિશામાં વિચારોનું નકકર સ્વરૂપ ઘડવામાં આવ્યું.

આ ચર્ચામાં હાસીમ યુસુફ મુલ્લાં,મહમદ ઇસ્માઇલ કીકીભાઇ (વરિયાવ) જેવી અગ્રગણ્ય હસ્તિઓ પણ ઉપસ્થિત હતી. વિચારોનું બિજ-રોપણ આ ઐતિહાસિક ભૂમિ પર થયું.સુરજનું એક તેજસ્વી કિરણ ત્યાંથી પ્રગટયું. કોસંબાના જ. ઇબ્રાહીમ મોહંમદ પટેલે મજમઉલ અહબાબ - જેના તેઓ પ્રમુખ હતા તરફથી કોસંબામાં આ અંગે અવિધિસરની ચર્ચા વિચારણા કરવા આમંત્રણ આપવામાં આવ્યું. મજમઉલ અહબાબ કોસંબા વતી પ્રમુખ જ. ઇબ્રાહીમ મોહંમદ પટેલ અને સેક્રેટરી ડૉ.એમ.ઇ.કાઝીના નામથી મિટીંગના આમંત્રણો છપાવી વહોરા સમાજની અગ્રગણ્ય વ્યકિતઓને આ આમંત્રણ પત્રિકા મોકલવામાં આવી. તા. ૩-૩-૧૯૪૭ ના રોજ કોસંબામાં જ.ગોરાભાઇ પટેલના ભવ્ય અને શાનદાર બંગલામાં આ મિટીંગ યોજવામાં આવી. આ પ્રસંગે વિધિસરની ચર્ચા માટે સમાજના નેત્રદીપક આગેવાનો ઉપસ્થિત રહયા. આ સભાના પ્રમુખ સ્થાને સમાજ હિતેચ્છુ મર્હુમ શેઠ એ.વાય. બોટાવાલા હતા. સભામાં ઉપસ્થિત મી. મોહંમદ દાવજી દાદાભાઇ સાહેબ કેળવણીની મહત્તા અને ઉપયોગીતા પરત્વે એક મનનીય પ્રવચન કર્યુ. સમાજ ઉત્થાન માટે આ વિશદ પ્રવચનની શ્રોતાઓ ઉપર ઉંડી અસર પડી અને સમાજ માટે એક શિક્ષણ સંસ્થા સ્થાપવા એમણે હાર્દિક અપિલ કરી, બીજા અગ્રેસરોએ પણ આ વિચારોને વધાવી લીધો. તેઓએ પણ સંસ્થાની સ્થાપના માટે સહયોગ આપવા પોતાના પ્રેરક વિચારો સભામાં પ્રદર્શિત કર્યા. સાંજ સુધી આ સભા ચાલતી રહી. અંતે આવી એક સંસ્થા સ્થાપિત કરવાનો સ્તૂત્ય નિર્ણય લેવામાં આવ્યો. તેના કામ ચલાવ સેક્રેટરી તરીકે ડૉ.એમ.ઇ. કાઝીની સર્વ સભ્યોએ વરણી કરી અને પ્રમુખ તરીકે શેઠ અહમદ યુસુફ બોટાવાલાની સર્વસંમતિથી પસંદગી કરી. આ સભામાં બીજા પણ બે

કાર્યો કરવા માટે સમિતિ નીમવામાં આવી. એક કમિટી બંધારણ કમિટી બની. બીજી એક કમિટી સમાજની માહિતી એકત્ર કરવા માટે બનાવવામાં આવી.

અને એ કમિટીઓએ ટૂંક સમયમાં જ બંધારણનો એક ખરડો તૈયાર કર્યો. બીજી કમિટીએ વહોરા સમાજની સર્વગ્રાહી માહિતી એકત્ર કરી.

અને હથુરણ મુકામે શેઠ જ. એ.યુ. બોટાવાલા સાહેબના પ્રમુખ સ્થાને વિધિસરની એક મિટીંગ બોલાવવામાં આવી. આ મિટીંગનું આમંત્રણ હાજી મહમદ કડવા પટેલ (મહુવેજ),મર્હુમ જ. યાકુબ મોહંમદ ભોલાત (હથુરણ), મર્હુમ જ. સુલેમાન ઇસપજી કોલીયા (હથુરણ) અને અન્ય બિરાદરો તરફથી પાઠવવામાં આવ્યું હતું. ગુજરાતી શાળાના ઓરડા અને કમ્પાઉન્ડમાં આ સભા મળી હતી. જેમાં લગભગ ૧૨૦૦ જેટલા ભાઇઓ ઉત્સાહથી ભેગા થયા હતા. જેમાના કેટલાક સફરીઓ પણ હતા. જવાકે, મી. યુસુફ મોહંમદ રાંદેરી (ડર્બન), મર્હુમ મી. મોહંમદ મોહમદી (ડર્બન) જેવી નામાંકિત હસ્તિઓ ઉપસ્થિત રહી હતી. આ સર્વ લોકોએ આવી સંસ્થાની સરાહના કરી હતી. અને સંપૂર્ણ સહયોગ સાથ આપવા તૈયારી બતાવી હતી.સેક્રેટરી ડૉ.એમ.ઇ. કાઝી સા. એ સભાજનોને આવકાર આપી સત્કાર કર્યો હતો.માહિતી કમિટીએ તૈયાર કરેલ સર્વગ્રાહી અહેવાલ સભા સમક્ષ સાદર કરી વાંચી સંભળાવ્યો હતો. ત્યાર બાદ ખરડા સમિતિએ તૈયાર કરેલ બંધારણની વિશદ અને માહિતી સભર ચર્ચા કરવામાં આવી.બંધારણ કમિટીએ તૈયાર કરેલ બંધારણના વાંચન બાદ વિવિધ સૂચનો સભામાં સભ્યો તરફથી થયા હતાં. કેટલાક આવકારદાયક સુચનો બંધારણમાં સમાવિષ્ઠ કરવામાં આવ્યાં. આમ સંસ્થાનું એક સુરેખ બંધારણ તૈયાર થયું. ખરડા કમિટી અને માહિતી કમિટીનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો.સંસ્થાના રીતસરના પ્રમુખ તરીકે મર્હુમ શેઠ એ.યુ. બોટાવાલાની સર્વાનુમતે વરણી કરવામાં આવી. જયારે મંત્રી તરીકે ડૉ.એમ.ઇ.કાઝીની વરણી કરવામાં આવી. આમ આ સંસ્થાનું સુકાન આ બન્ને કાબેલ વહીવટી કુશળ અને યશસ્વી કારકિર્દીવાળી વ્યકિતઓને સોંપવામાં આવ્યું. મુંબઇ સોસાયટીઝ રજીસ્ટ્રેશન એકટ ૧૯૫૦ પ્રમાણે સંસ્થાને રજીસ્ટર્ડ કરવાની કાર્યવાહી જ.મોહંમદ દાવજી દાદાભાઇ સા. ને સુપરત કરવામાં આવી. રજીસ્ટર સંસ્થાના સ્થાપક સભ્યો તરીકે નીચે જણાવેલ નામાંકિત વ્યકિતઓને સમાવિષ્ટ કરવામાં આવ્યા. મેમોરેન્ડમ ઓફ એસોસીએશન રજીસ્ટર કરાવવાની પણ કાર્યવાહી કરવામાં આવી. મી.યુસુફ મોહંમદ રાંદેરી સા. (ડર્બન) એ રૂા.૫૦૦૦/- પ્રાથમિક ખર્ચ અંગે આપ્યા. આમ આ સંસ્થાનો પાયો રચાયો. ભવિષ્યમાં એના વિકાસ માટે પણ મૂલ્યવાન અને તલસ્પર્શી ચર્ચાઓ કરવામાં આવી.

## અગ્રગણ્ય સભ્યો

| | |
|---|---|
| ૧. જ. શેઠ એ.યુ. બોટાવાલા સા. | રાંદેર |
| ૨. જ. મોહંમદ દાવજી દાદાભાઇ સા. | સુરત |
| ૩. જ. ઇબ્રાહીમ મોહંમદ પટેલ સા. | કોસંબા |
| ૪. જ. મોહંમદ ઇસ્માઇલ કીકીભાઇ સા. | વરીયાવ |
| ૫. જ. ઇબ્રાહીમ યુ.બોટાવાલા સા. | રાંદેર |
| ૬. જ. ઇબ્રાહીમ મોહંમદ દાદાભાઇ સા. | મોટાવરાછા |
| ૭. જ. ઇસુપ ઇસ્માઇલ પટેલ સા. | હથુરણ |
| ૮. જ. મોહંમદ કડવા પટેલ સા. | મહુવેજ |
| ૯. જ. મોહંમદ હાશીમ પટેલ સા. | દરમહુડા |
| ૧૦. જ.ઇ.એચ. મુલ્લાં સા. | સુરત |
| ૧૧. જ.ગોરા મોહંમદ ઇસપ કોટવાલ સા. | બૌધાણ |
| ૧૨. જ. આરીફ મોહંમદ નાખુદા સા. | રાંદેર |

## સાક્ષી - સાથી સભ્યો

| | |
|---|---|
| ૧. જ. ડૉ. એમ.ઇ.કાઝી સા. | કોસંબા |
| ૨. જ. એ.એમ. ઉમરજી સા. | રાંદેર |

## તા. ૧૭ જુલાઇ ૧૯૪૭

આ સભ્યોએ અતિ ઉત્સાહથી કાર્યનો પ્રારંભ કર્યો. પહેલી મેનેજીંગ કમિટી તરીકે એમણે કામની યશસ્વી શરૂઆત કરી. સંસ્થા માટે પ્રથમ ઓફીસની આવશકતા ઉભી થઇ. સુરતમાં ગાંધીબાગ સામે ગાંધી રોડ ઉપર બર્મા રેફયુઝીઝ એસોસીએસનની ઓફીસ ચાલુ હતી તે ઓફીસ મર્હુમ જ. મોહંમદ ઇસ્માઇલ કીકીભાઇ સા.અને તેના સહકાર્યકર ભાઇઓએ તેમના તમામ ફર્નીચર સાથે સંસ્થાને અર્પણ કરી દીધાં.સંસ્થામાં એક માણસની કાયમ જરૂરીઆત હોવાથી એક પગારદાર માણસની ત્યાં નિમણૂંક કરવામાં આવી. પ્રથમ વર્ષે સ્કોલરશીપ આપવા માટે પેપરોમાં જાહેરાત આપવામાં આવી.સમાજના લાયક અને તેજસ્વી બાળકોને આ શૈક્ષણિક સવલત મળે અને પોતાનો અભ્યાસ ચાલુ રાખે તે માટેની આ ઉપકારક

યોજના હતી. સભ્યોની મિટીંગ મળી, અને રૂા. ૧૬૦૦૦/- ની સ્કોલરશીપ એવા લાયક બાળકોને મળે તે માટે જોગવાઇ કરવામાં આવી. ઉત્સાહી અને સક્રિય કારોબારી સભ્યો ગામડે - ગામડે ફર્યા અને ઉકત રકમ એકત્ર કરવામાં આવી.

આમ સંસ્થાની સ્થાપના બિસ્મીલ્લાહ કરવામાં આવી. શેઠ મોહંમદ દાવજી દાદાભાઇ સાહેબ પોતાના ધંધાર્થે રંગુન-બર્મા પહોંચ્યા. તેમના હૃદયમાં આ સોસાયટીની લગની હરદમ નીતરતી હતી.એમની નજર સમક્ષ એક આદર્શ અને પ્રેરણાદાયી સંસ્થાની કલ્પના કાયમ જીવંત રહી હતી.રંગુનમાં પણ એમણે આ કાર્ય માટે ફંડફાળો એકત્ર કરવાનું શરૂ કયું. તેમણે કેટલીક વહોરા સમાજની અગ્રગણ્ય વ્યકિતઓને ભેગી કરી આ સોસાયટી સધ્ધર બને તે માટે વિગતે વાતો કરી.ચર્ચાઓ કરી, કેટલાક વહોરા વેપારીઓને પેટ્રનો અને લાઇફ મેમ્બરોની નોંધણી કરી. સાથે સાથે સોસાયટીનો ઠીક ઠીક પ્રચાર અને પ્રસાર થયો. આમ ભારતના આ વૃક્ષની વડવાઇઓ બર્મા સુધી પણ લંબાઇ.

આ સોસાયટીની સ્થાપના બાદ લોકસંપર્કની પણ આવશ્કતા હતી. લોકોને સોસાયટીની મહત્તા અને એવાં કાર્યોની જાણકારી મળે. આ કાર્યમાં તેઓ પણ તેમનો ઉમદા સાથ સહયોગ આપે એ આ લોકસંપર્કનો મુખ્ય આશય હતો. એ માટે શેઠ જ. એ.યુ.બોટાવાલા સા.,જ. મોહંમદ દાવજી દાદાભાઇ સા.,જ. ઇબ્રાહીમ મોહંમદ પટેલસા.,જ.મોહંમદ કાસમજી મોતાલા સા.,જ. ડૉ.એમ.ઇ.કાઝી સા. અને બીજા ભાઇઓએ ગામેગામનો દોરો શરૂ કર્યો. ધીમે ધીમે આપણા સમાજનાં લગભગ તમામ ગામોનો લોક સંપર્ક કર્યો.આ રીતે સોસાયટી અને સુરતી સુન્ની વહોરા સમાજ અન્યોન્ય રીતે એક બીજાની નજીક આવ્યાં. એક બીજાનાં પૂરક બન્યાં, લોકો તરફથી પણ ઉત્સાહજનક સહાય મળતી થઇ.એમને પણ પ્રતીતિ થઇ કે આપણી સોસાયટી આપણા સમાજ માટે અતિ ઉપકારક છે. સમાજના લોકોની કડી સમાન આ સોસાયટી આમ ધીરે ધીરે પ્રગતિ કરતી ગઇ, સમાજમાં ઉભરતી ગઇ. વિદ્યાર્થીઓના અભ્યાસ માટે સ્કોલરશીપ માટે કાર્યકરો ગામડે ગામડે ફરવા લાગ્યા,ફાળો એકત્ર થવા લાગ્યો.પરંતુ રકમ-નાણાં ઓછાં એકત્ર થવા લાગ્યાં.તેથી કાર્યકર ભાઇઓએ પરદેશમાં વસતાં સમાજના ભાઇઓ તરફ દ્રષ્ટિ દોડાવી.એ માટે પરદેશ જઇ ફાળો એકત્ર કરી શકે એવી લાયક વ્યકિતઓની યાદી બનાવવામાં આવી. ડેપ્યુટેશન માટે આ ભાઇઓએ તૈયારી બતાવી. એની કાર્યવાહી આગળ ચાલી, પરંતુ વીઝાની મુશ્કેલી ઉભી થઇ. શેઠ અહમદ યુ.બોટાવાલા સાહેબને સાઉથ આફ્રિકા ના વીઝા મળ્યા,પરંતુ તેઓ તેમની નાદુરસ્ત તબિયતના કારણે જઇ શકયા નહીં. શેઠ મોહંમદ દાવજી દાદાભાઇ સાહેબ તેમના વેપાર અર્થે આફ્રિકા પહોંચ્યા. ત્યાં ટ્રાન્સવાલના આગેવાનોને મળી કોમની પરિસ્થિતિની રૂપરેખાથી તેઓએ માહિતગાર કર્યા, સોસાયટીનું મહત્વ તેની ઉપયોગીતા તથા બાળકોના શૈક્ષણિક અભ્યાસ અંગે તેમણે વિગતે ચર્ચા કરી, સોસાયટીએ ઉપાડેલ આ મહાન ભગીરથ કાર્યમાં આર્થિક મદદ પ્રદાન કરવા અપીલ કરી. પરીણામ સારું આવ્યું. ટ્રાન્સવાલના આગેવાનોએ પાંચ વરસ સુધી વાર્ષિક એક હજાર પૌંડની મદદ મોકલવા વચન આપ્યું. નાતાલના આગેવાનોએ પણ મદદ કરવાનું વચન આપ્યું ટ્રાન્સવાલના આગેવાનોની મદદ તેમના વચન પ્રમાણે સતત ચાલુ રહી, પરંતુ નાતાલના આગેવાનોએ થોડા સમય સહકાર આપ્યા બાદ મદદ બંધ કરી એની પાછળ તે ઓએ એ કારણ દર્શાવ્યું કે,અમારી શરતોને સંપૂર્ણ પણે અમલ થતો નથી. આમ જણાવી તેમની આર્થિક સહાય બંધ થઇ.

સમાજના લોકો એક-બીજાની નજીક આવે, એક અતૂટ તાતણાથી બંધાય અને લોક સંપર્કની કડી મજબુત બને એવા ઉમદા હેતુથી સોસાયટીએ સમાજના દર્પણ સમું એક મુખપત્ર વહોરા સમાચાર બહાર પાડવાનું નકકી કર્યું. જેથી દેશના ખૂણે ખૂણે અને પરદેશમાં પણ એની માહિતી આપણા સમાજના ભાઇઓને મળતી રહે, એવા હેતુનું આ મેગેઝીને આપણા સમાજના ઉત્થાન માટે પ્રચાર કરી સ્તુત્ય કાર્ય કયું છે. જેની નોંધ લેતાં આનંદ થાય છે. આજે આપણી સંસ્કૃતિને જીવંત રાખનાર આ સોસાયટી પણ એક વિશાળ વડલાની જેમ ઉભી છે. એણે વિવિધ ક્ષેત્રમાં પાયાનું કામ કરી, સેવાની સુગંધ દેશ-પરદેશ ફેલાવી છે. એ પણ ગૌરવપ્રદ બાબત છે. આ સોસાયટીના પાયામાં જેમણે જેમણે સાથ અને સહયોગ આપ્યો છે. તે નામી - અનામી સૌ કોઇ હિતેચ્છુઓને અભિનંદન.

**(ડૉ. એમ.ઇ.કાઝી સાહેબ કોસંબાના એક લેખ ને આધારે)**

## સાત સમંદર પારના સમાચારો

યુસુફ એમ. સીદાત (લેસ્ટર - યુ.કે.)

**આમેના આબેદની સિધ્ધિ:-** બ્રિટનમાં એશિયાઇ સમુદાય સ્થાયી થયા પછી બીજી ત્રીજી ચોથી પેઢીના સંતાનોના વિકાસ અને પ્રગતિમાં વાલીઓ,માતા-પિતા અંગત રસ લઇ રહયા છે. પરિણામે સંતાનો શિક્ષણ થકી સજજ થઇ રહયા છે. વિશેષમાં આ શિક્ષિત યુવક-યુવતીઓ લાયકાત, કુનેહ, આવડત અને અનુભવ દ્વારા દેશ અને સમાજ સેવા કરી નોંધપાત્ર પ્રદાન કરી રહયાના અહેવાલો મળતા રહે છે. જેથી ખુશીની લહેર સર્જાય છે. આવી એક હોનહાર યુવતી બાટલીના આમેના ઇસ્માઇલ આબેદ છે. તેમણે યુનિવર્સિટી ઓફ લિડ્ઝમાંથી સાયકોલોજી બી.એસ.સી. ની ઉચ્ચ ડિગ્રી મેળવી છે. સાથે જ મઝહબી તાલીમ હાંસિલ કરી આલીમાની લાયકાત ધરાવે છે. આ રીતે બંને શિક્ષણ પ્રાપ્ત કર્યું છે. હાલમાં જ આમેના આબેદને બ્રિટનની કેન્દ્ર સરકાર દ્વારા સિવિલ સર્વન્ટ સિવિલ સર્વિસ વિભાગમાં લંડન ખાતે ફ્રોડ ઓફિસર તરીકે નિમણૂંક કરવામાં આવી છે. એ ગૌરવની વાત ગણાય છે. તેમને અભિનંદન પાઠવી ઉત્તરોત્તર પ્રગતિની દુઆ કરીએ છીએ. અત્રે ઉલ્લેખનીય છે કે થાલા ગામના એમના દાદા ઇબ્રાહીમ હાસમ પટેલ સમાજમાં પ્રતિષ્ઠત અને સેવાભાવી વ્યકિત તરીકે ગણના પામતા હતા.

**હારૂન સિદાત પી.એચ.ડી:-** ભાઇ હારૂન યુનિવર્સિટીની અર્થશાસ્ત્ર, એકાઉન્ટિંગ ફાઇનાન્સની ડિગ્રી અને ઇસ્લામિક સાયન્સ અને અરબી ભાષા સાહિત્યમાં બીજી ડિગ્રી આમ ડબલ ફર્સ્ટ કલાસ ડિગ્રી ધરાવે છે. તેમની પાસે માધ્યમિક શિક્ષણમાં પી.જી.સી.ઇ. સાથે શિક્ષણમાં માસ્ટર્સ પણ છે. હારૂને તત્વજ્ઞાન, ધર્મ અને ઘર્મશાસ્ત્રમાં પ્રતિષ્ઠિત જમીલ પી.એચ.ડી. કાર્ડિફ યુનિવર્સિટી વેલ્સમાંથી પૂર્ણ કરી છે.હાલમાં યુનિવર્સીટમાં યુ.કે. સેન્ટર ફોર ધ સ્ટડી ઓફ ઇસ્લામમાં રિસર્ચ એસોસિયેટ અને વિદ્વાન તરીકે સેવા આપે છે. બ્લેકબર્ન દારૂલ ઉલૂમમાં આલીમનો અભ્યાસ કર્યો હતો. બ્રિટીશ મુસ્લિમ દારૂલ ઉલૂમ અને આધુનિક બ્રિટનમાં પરંપરાગત ઇસ્લામિક અભ્યાસ સાથેનો સંબંધ સંશોધન પુસ્તકો પ્રકાશિત કર્યા છે. હાલમાં હારૂન બ્રિટનમાં ઇમામોના જીવંત અનુભવોને જોતા એક નવીન અને ગ્રાઉન્ડ-બ્રેકિંગ પ્રોજેકટ પર કામ કરી રહયા છે. આ નવયુવાન હારૂન સિદાતે પશ્ચિમી સંસ્કૃતિ ધરાવતી બ્રિટનની ધરતી ઉપર સાંધેલી અસાધારણ પ્રગતિને નોંધ લઇ શુભેચ્છાઓ વ્યકત કરીએ છીએ.

**ભારતીય સમાજ શિક્ષણમાં આગળ:-** યુ.કે.ના લઘુમતી સમાજ ઉપર રજૂ થયેલ અહેવાલ મુજબ મૂળ ભારતીય સમાજના બ્રિટનમાં સ્થાયી થયેલા લોકોના જીવન અને શિક્ષણમાં એવું પ્રતિપાદિત થયું છે કે એકંદરે બ્રિટિશ ભારતીય વિદ્યાર્થીઓની સિધ્ધિઓ યુ.કે.ના અન્ય વંશીય સમાજ કરતા નોંધપાત્ર આગળ છે. આ સમાજ પાસેથી અન્ય સમાજોએ પણ બોધ પાઠ લેવાની ભલામણ કરવામાં આવી છે. બ્રિટિશ મુસ્લિમોમાં શિક્ષણનું પ્રમાણ વધી રહયું છે. વ્યવસાયિક અને સામાન્ય અભ્યાસક્રમોમાં મુસ્લિમો આગળ વધી રહયા છે. જોકે મુસ્લિમ મહિલાઓને કારકિર્દીની અપેક્ષાઓ અને આકાંક્ષાઓ સંતોષવા કૌટુંબિક, સામાજિક, ધાર્મિક અને ભેદભાવ પડકારરૂપ હોય છે.

**વડીલ યુસુફ અલી જીણાની ખુશી:-** વડીલોને પોતાના જૂના મિત્રો,સંબંધીઓ અને સહકાર્યકરો સાથે લાંબા સમય પછી મિલાપ થતા એમના આનંદમાં વધારો થઇ જાય છે. મૂળ બારડોલી નિવાસી વયોવૃધ્ધ વડીલ જનાબ યુસુફભાઇ અલીભાઇ જીણા ૯૪ વરસ ઉમર હાલમાં લંડનમાં રહે છે, પરંતુ શરૂઆતમાં ૧૯૫૫-૫૭ માં બાટલી-બ્રાડફોર્ડ વિસ્તારમાં વસવાટ કરતા હતા એ દરમિયાન તેઓ ત્યાંની સંસ્થાઓ અને વ્યકિતઓ સાથે ખૂબ જ નિકટથી સેવાકીય પ્રવૃત્તિઓમાં જોડાયેલા રહયા હતા. તાજેતરમાં વર્ષો પછી લંડનથી બાટલી અને બ્રાડફોર્ડની મુલાકાતે એમના ફરજંદ

સામાજીક કાર્યકર જ.મુનાફભાઇ જીણા જયારે એમને લઇ ગયા અને જૂના મિત્રોને મળ્યા ત્યારે એમનામાં ખુશીની લહેર પ્રસરી ગઇ હતી. શરૂઆતના વાસાહતીઓ પૈકીના એક એવા વડીલ યુસુફભાઇ બાટલીની સૌથી જૂની પ્રથમ જુમ્મા મસ્જીદ બ્રાડફોર્ડ રોડની ખરીદી, સ્થાપના અને ભંડોળ એકત્ર કરવામાં એમનું પ્રદાન રહયું હતું. સંસ્થાના ઉપપ્રમુખ તરીકે સેવા બજાવી હતી. ઇન્ડિયન મુસ્લિમ વેલ્ફેર સોસાયટીની સ્થાપનામાં અગ્રીમ હિસ્સો લીધો હતો. ક્રિકેટ પણ રમતા હતા. આમ સ્થાનિક વિસ્તારથી પરિચિત યુસુફ અલીભાઇ વર્ષો પછી જૂના મિત્રોને મળતા ગદગદિત થઇ ગયા હતા. આજે તો તેમના સાથીઓ માંથી ઘણાનો ઇન્તેકાલ થઇ ગયો છે, પરંતુ કેટલાકને મળી જૂની યાદો તાજી કરી સંતોષ વ્યકત કર્યો હતો. એઓ યુવાનીમાં ઇન્ડિયામાં હતા ત્યારે ગાંધીજીની હત્યા સમયે જેલવાસ ભોગવ્યો હતો. આમ અનેક વડીલો હશે જેમને જૂના સ્નેહીઓ અને મિત્રોને મળવાની જિજ્ઞાસા થતી હશે. એમના માટે સમયાંતરે સ્નેહસંમેલનો યોજી શકાય.

**આઇ.એમ.ડબલ્યુ એસ બાટલીની જનરલ મિટિંગ મળી:-**

ઇન્ડિયન મુસ્લિમ વેલ્ફેર સોસાયટી, બાટલી વિસ્તારના ઇન્ડિયન મુસ્લિમ સમાજની સેવામાં સમર્પિત છે. ૬૭ મી વાર્ષિક સાધારણ સભા મળી હતી, જેમાં એજન્ડા ઉપરના બધા કામો પ્રશ્નોત્તરી સહિત પસાર થયા હતા.સોસાયટીની કમિટી ને આખા વર્ષ દરમિયાન સુંદર કામગીરી કરવા બદલ સભ્યો તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.હોદ્દેદારોમાં સર્વ જ. ચેરમેન રફીકભાઇ ડભાડ,વાઇસ ચેરમેન જ.અ.અઝીઝ દાજી, સેક્રેટરી ડૉ.ઝફર દાજી, જો. સેક્રેટરી હાફિઝ ઇસ્માઇલ સુલેમાન, ટ્રેઝરર ડૉ.ઇમ્તીયાઝ પટેલ, આ. ઇસ્માઇલ ઇ. પટેલ ઉપરાંત મહંમદ મુલ્લાં, ઝકરિયાહ બાસર, અહમદ લુણત ગુલ, હુસૈન ઘર્માની નિમણૂંક કરવામાં આવી હતી. આ સંસ્થા સાઉથ ગુજરાત પ્રોજેકટ હેઠળ રોજગાર અને શૈક્ષણિક સહાય પુરી પાડી પ્રશંસનિય કામ રહી છે.

## સચ્ચાઇની બરકત

**એક માણસ હુઝૂર સ.લ. ની સેવામાં આવ્યો અને કહેવા લાગ્યો કે એ અલ્લાહ તઆલાના રસૂલ સ.લ. મારામાં ચાર કુટેવો છે.**

**(૧) હું પાપી છું.**

**(૨) હું ચોર છું.**

**(૩) હું દારૂડિયો છું.**

**(૪) હું જુઠો છું.**

**આ પૈકી એકને આપના કહેવાથી છોડી દઇશ. તો આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું, તમે જુઠું બોલવાનું છોડી દો! તો એ માણસે વચન આપ્યું કે હવેથી હું કદીયે જુઠું ન બોલીશ. જયારે રાત થઇ તો તેને દારૂ પીવાનું મન થયું, પણ તેને વિચાર આવ્યો કે સવારે હું હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના દરબારમાં જઇશ અને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ મને પુછશે કે રાત્રે તમે દારૂ પીધું હતું ? પાપ કર્યુ હતું ? તો હું શું જવાબ આપીશ ? જો હું સ્વીકારીશ તો મને દારૂ પીવાની અને બળાત્કારની સજા મળશે, જો ના કહીશ તો વચનભંગ થઇ જશે, આ વિચારી આ બંને મહાપાપોથી બચી ગયો. જયારે અડધી રાત થઇ અને અંધકાર ચોતરફ ફેલાય ગયું, તો તેને ચોરી કરવાનું મન થયું, ફરી તેને વિચાર આવ્યો કાલે પરોઢિયે આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે મને પુછી લીધું તો હું શું જવાબ આપીશ ? જો હા પાડીશ તો ચોરીની સજા રૂપે મારા બંનેવ હાથ કાપી નાંખવામાં આવશે અને જો ના કહીશ તો દગો થશે, આ વિચાર આવતાં જ તે આ પાપથી બચી ગયો.જયારે સવાર થઇ તો તે દોડતો દોડતો આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પાસે આવ્યો અને કહેવા લાગ્યો એ અલ્લાહના નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ! જુઠું ન બોલવાથી મારી ચારેય કુટેવો છુટી ગઇ! નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ આ વાત સાંભળી ઘણા જ ખુશ થયા!**

# ડૉ. રાહત ઈન્દોરી સાહેબ એમની શાયરી વડે હર-હંમેશ જીવંત રહેશે.

સને ૨૦૨૦ ના ઓગષ્ટ માસની ૧૧ તારીખ મર્હૂમ રાહત ઈન્દોરી સા. એ ટવીટર એકાઉન્ડ ઉપર એક મેસેજ મૂકયો હતો કે મને કોરોના પોઝીટીવ થયો છે અને ઈન્દોરની એક હોસ્પિટલમા એડમિટ થયો છું. તમામ ચાહકોને વિનંતી છે કે તેઓ મારા માટે દુઆ કરે અને મને અથવા મારા પરિવારને ફોન કરી પરેશાન નહીં કરે.

આ ટવીટ પછી કેટલાક મિત્રોના મેસેજ આવ્યા તો હું સ્તબ્ધ થયો. ખુલાસા માટે મેં એમના પુત્ર ફયસલને જેઓ અગાઉ સુરત બે વર્ષ સુધી એચ.ડી.એફ.સી. બેંકમાં સર્વિસ કરી ચૂકયા હતા જેથી મારી સાથે ગાઢ સંબંધ હતા તેમને મેં ફોન કરી પૂછયું તો તેમણે જણાવ્યું કે ૨૦ ટકા જેટલો પોઝેટીવ રિપોર્ટ આવ્યો છે. એટલે તેઓ જલ્દી સારા થઈ ઘરે આવી જશે. પરંતુ એવું બન્યું નહીં. અને બપોરે ૪ કલાકે એક પત્રકારે ફોન પર જણાવ્યું કે રાહત સા. નુ અવસાન થઈ ગયું છે. તપાસ દરમ્યાન મારા ઉસ્તાદ ભાઈ મુનવ્વર રાના સા. એ તેનું સમર્થ કર્યું. જેથી મને ખૂબ દુ:ખ થયું ભારે આઘાત લાગ્યો.

ડૉ. રાહત સા. સાથે ૧૯૮૩ માં પ્રથમવાર મુલાકાત થઈ હતી. એક મુશાયરામાં ડૉ. બશીર બદ્ર, મંઝર ભોપાલી, ડૉ. સાગર આઝમી, અખ્તર ગ્વાલીપરી, અલી સરદાર જાફરી નૂર ઈન્દોરી, વ—નામાંકિત શાયરો નિમંત્રિત હતા. સદભાગ્યે સુરતમાંથી મને પણ આમંત્રણ હતું. એનાઉન્સર ડૉ. અનવર જલાલપુરી અને પ્રમુખપદે અલી સરદાર જાફરી હતા. જયારે રાહત સા. નો નંબર આવ્યો તેમને કેટલાક છૂટા શેર જુદી જુદી ગઝલના સંભળાવ્યા હતા. જેમાંથી કેટલાક શેર આજે પણ યાદ છે.

**મેં જબ ચલું તો યે દોલતભી સાથ રખ દેના**
**મેરે બુઝુર્ગ મેરે સર પે હાથ રખ દેના**
**ઢલેગા દિન તો સુલગને લગેગા દિલ મેરા**
**મુઝે ભી ઘર કે ચરાગોં કે સાથ રખ દેના**
**મેં એક સચ હું અગર સુન સકો તો સુનતે રહો**
**ગલત કહું તો મેરે મુહ પે હાથ રખ દેના**

**મેરા નસીબ મેરે હાથ કટ ગએ વરના**
**મેં તેરી માંગમેં સીંદૂર ભરને વાલા થા**



મેં સ્ટેજ પર ભરપૂર દાદ આપી. તે મુશાયરો ખૂબ સફળ રહ્યો અને પછી હોટલ પર અમને જયાં રોકવામાં આવ્યા હતા ત્યાં ગયા ત્યારે રાહત સા. એ મને બૂમ પાડી કહ્યું "બેટે ઈધર આઓ. ખૂબ દાદ દે રહે થે અબ બતાઓ કયા સમઝે થે તુમ" પછી એમના શેરોનું વિશ્લેષણ મેં કર્યું. ત્યારે તેઓ ખૂબ ખુશ થયા અને મને ગળે લગાવ્યો હતો. ૧૯૮૩થી આજ સુધી મરણ પામ્યા ત્યાં સુધી મારી સાથે ખૂબજ નિકટની દોસ્તી રહી. પછી અમે ભારતભરના અનેક મુશાયરાઓમાં સાથે ભાગ લીધો.

સુરત કોઈપણ પ્રોગ્રામમાં આવતા તો મને ફોન દ્વારા અગાઉથી જાણ કરી દેતા હતા એટલે હું ત્યાં પહોંચી જતો. સુરત બહાર પણ અમે અનેકવાર લંચ ડીનર લીધું હતું. સુરતના ફાફડા તેમને ખૂબ પસંદ હતા. તેઓ મને તે સાથે લેતા આવવા માટે જણાવતા. સુરતના ઝુલફિકારઅલી સૈયદના પુત્ર ખલીલ સૈયદ (બાપુ) ડૉ. રાહત સા. ના અસંખ્ય શેર યાદ છે. જે તેઓ તેમની જ સ્ટાઈલમાં રજૂ કરે છે.

એક દિવસ અમે ટેક્ષટાઈલ માર્કેટમાં ખરીદી કરવા ગયા ત્યાં એક મારવાડી અને પંજાબી ભાઈ મળી ગયા તેઓ એકજ વાત કરે કે કપડા તો અમે અમારી દુકાનમાંથી જ તમને આપીશું. રાહત સા. ઈચ્છાથી તેમણે વધુ કાપડ ડ્રેસ મટીરીયલ આપી દીધું હતું. જયારે રાહત સા. એ પૈસા આપ્યા બંને વેપારીઓએ ના પાડી એ કહ્યું કે હમ આપસે પૈસે લેંગે તો હમ અપને આપકો માફ નહીં કરેંગે.

રાહત ઈન્દોરી સાહેબ ઉપર મુસ્લિમ તરફદાર શાઈર તરીકે સંકુચિત લોગો તરફથી મુકવામાં આવ્યો હતો. પરંતુ ખરેખર હકીકત એ છે કે ડૉ. રાહત ઈન્દોરી એક સચ્ચાઈ પસંદ બેબાગ શાઈર હતા સુરતમાં તેમને આખી ઝિંદગીમાં ૪૯ જેટલા મુશાયરામાં ભાગ લીધો હતો. તેમાથી ૧૦ મુશાયરાઓ મુસ્લિમ સંસ્થાઓ દ્વારા યોજવામાં આવ્યા હતા. બાકી તમામ નોન—મુસ્લિમ સંસ્થાઓ અને નોન—મુસ્લિમ લોકો તરફથી યોજાયા હતા. એજ સુબુત છે કે તેઓ પ્રો. મુસ્લિમ શાઈર નહીં હતા તેઓ માત્ર અને માત્ર સચાઈ પસંદ શાઈર હતા. આજે માત્ર એટલુ જ. ઝિંદગી રહેશે મારી તો પછી કોઈકવાર એમની શાઈરી ઉપર ચોક્કસ લખીશ. ડૉ. રાહત ઈન્દોરી સાહેબ એમની શાયરી વડે હર—હંમેશ જીવંત રહેશે.

**ઉસકી યાદો કે ઉજાલે હી બહોત હૈ હમકો**
**જાનેવાલા તો પલટકર નહીં આનેવાલા**

**—વસીમ મલિક (રાંદેર, સુરત) મો.: ૯૯૨૫૧૯૧૧૨૨**

# યુ.પી.એસ.સી.
# (યુનિયન પબ્લિક સર્વિસ કમિશન)

UPSC શું છે ? તેની તૈયારી કઇ રીતે કરવી ? UPSC ની એકઝામ કોણ આપી શકે ? UPSC ની ભરતી કેટલા વર્ષે થાય ? UPSC નો સિલેબસ શું છે ? UPSC ની ભરતીમાં કઇ સર્વિસ મળે ? વગેરે સવાલો તમને થતા હશે !

UPSC નું પુરું નામ યુનિયન પબ્લિક સર્વિસ કમિશન છે. UPSC એ કલાસ ૧ ની એકઝામ લે છે. I.S., I.P.S., I.F.S., I.R.S. જેવા અધિકારી બનવા માટે UPSC એકઝામ આપવી પડે. UPSC ઇન્ડિયન ઇકોનોમિક સર્વિસ,ઇન્ડિયન એન્જીનિયરીંગ સર્વિસ જેવી સર્વિસની પણ એકઝામ લે છે.

**UPSC ની એકઝામ ત્રણ ભાગમાં હોય છે.**

(૧) પ્રિલીમ એકઝામ (૨) મેઇન એકઝામ (૩) ઇન્ટરવ્યુ

પ્રિલીમ પરીક્ષાના બે પેપર હોય છે. બન્ને પેપર ૨૦૦ માર્કસ ના હોય છે. જો તમે બીજા પેપરમાં ૬૬ માર્કસ કે તેનાથી ઉપર આવે તો જ તમારું પેપર ૧ ચેક થાય છે. તમારા પેપર ૧ ના માર્કસ ઉપરથી મેરીટ બને કે તમે મુખ્ય પરીક્ષા આપી શકો કે નહીં. (બીજા પેપરના માર્કસ ગણાતા નથી.)

૩ એક મહિના પછી તેનું રીઝલ્ટ આવે, જો તમે પ્રથમ પેપરમાં સારા માર્કસ હોય તો તમે મુખ્ય પરીક્ષા આપી શકો. પ્રિલીમ પરીક્ષામાં પાસ થવાનું છે તેના માર્કસ ફાઇનલ રીઝલ્ટમાં ગણાતા નથી.

**મુખ્ય પરીક્ષામાં કુલ નવ પેપર હોય છે.**

અંગ્રેજી (જે બધા ઉમેદવાર માટે કોમન છે, પાસ થવા માટે ૩૦૦ માંથી ૭૫ ગુણ આવવા જરૂરી છે) બીજુ પેપર ભાષાનું હોય છે, (બંધારણ ની ૮ મી અનુસૂચિમાં ૨૨ ભાષામાંથી તમે ગમે તે પસંદ કરી શકો. તેમાં ગુજરાતી પણ છે ચિંતા ના કરો, તેમાં પણ પાસ થવા ૩૦૦ માંથી ૭૫ માર્કસ આપવા જરૂરી છે) આ બન્ને પેપરમાં પાસ થવું જરૂરી છે. આના માર્કસ મુખ્ય પરીક્ષામાં ગણાતા નથી. **મુખ્ય પરીક્ષામાં ૭ પેપરના માર્કસ ગણાય છે જે નીચે મુજબ છે.**

નિબંધનું પેપર, ચાર જનરલ સ્ટડીના પેપર, બે optional ના પેપર (જે તમારે નકકી કરવાનો હોય છે, જે વિષય રાખવો હોય તે, ભાષા પણ રાખી શકાય, UPSC એ નકકી કરેલા વિષય માંથી જ )

**આ સાત પેપર ૨૫૦ માર્કસના હોય છે.**

૩ મહિના પછી તેનું રીઝલ્ટ આવે છે જો તમે પાસ થાવ તો તમારું ઇન્ટરવ્યુ થાય (જે માટે દિલ્હી જવું પડે)

**ઇન્ટરવ્યુ કુલ ૨૭૫ માર્કસનું હોય છે.**

ઇન્ટરવ્યુમાં તમારા સ્નાતકના મુખ્ય વિષય, દેશની સમસ્યા અને તેના નિવારણ, આંતર રાષ્ટ્રીય સબંધ, તમે જે જીલ્લા કે તાલુકા માંથી આવો છો તેના વિશે એટલે કે તેમાં શું પ્રખ્યાત છે ? તેનો ઇતિહાસ શું છે વગેરે, ધર્મ આધારિત સવાલ પુછાય શકે છે.(UPSC પાસ કરેલા અધિકારીઓનું કહેવું છે કે મોટાભાગે તમે ભરેલા એપ્લિકેશન ફોર્મ ઉપરથી જ સવાલ કરતા હોય છે)

**કુલ ૨૦૨૫ માર્કસમાંથી ઉમેદવારને માર્કસ મળતા હોય છે.** પછી UPSC તેમની કેડર નકકી કરતી હોય છે કે તમને કઇ સર્વિસ આપવી. જો તમારા માર્કસ સારા હોય તો તમને મનપસંદ કેડર મળે છે. UPSC ની તૈયારી કયાંથી શરૂ કરવી ? UPSC ની તૈયારીની શરૂઆત NCERT થી કરવી જોઇએ જેથી કરીને તમારું બેઝીક નોલેજ કલીયર થાય.

**હિસ્ટ્રી માટે** ધો.૬ થી ૧૨ ની NCERT, પ્રાચીન ભારતનો ઇતિહાસ, મધ્ય ભારતનો ઇતિહાસ, આધુનિક ભારતનો ઇતિહાસ વાંચવો, ભારત એક ખોજ જેવા એપિસોડ જોઇ શકો.

**ભૂગોળ માટે** ધો. ૬ થી ૧૨ ની NCERT બુક વાંચવી, કરંટ અફેર્સ વાંચવું, ભૂગોળની કોઇ સારી બુક વાંચવી.

**અર્થશાસ્ત્ર માટે** ૬ થી ૧૨ ની NCERT, રમેશ સિંઘની ઇકોનોમિકસની બુક વાંચવી, કરંટ અફેર્સ વાંચવું, યુટયુબ પરના મૃણાલ પટેલના લેકચર જોવા.

**પોલિટીકલ સાયન્સ માટે** ધો.૬ થી૧૨ NCERT, એમ લક્ષ્મીકાંતની પોલિટીકલ સાયન્સની બુક, કરંટ અફેર્સ,

**સમાજશાસ્ત્ર માટે** ધો.૬ થી ૧૨ ની NCERT, સમાજશાસ્ત્રની કોઇ સારી બુક વાંચવી (તમને જે સરળ ભાષામાં સમજાય તે) UCG ચેનલ પર મહપ્તરા સરના લેકચર જોઇ શકો છો યુટયુબ પર.

**વિજ્ઞાન માટે** ધો.૬ થી ૧૦ ની NCERT (૧૧,૧૨ સાયન્સના પુસ્તક વાંચવાની જરૂર નથી છતાં તમારી પાસે સમય હોય તો વાંચી શકો છો.)

**કરંટ અફેર્સ** ગણિત માટે ધો.૬ થી ૧૦ ની NCERT (ગણિતનું સામાન્ય જ્ઞાન હોવું જોઇએ, ખાલી દસમાં સુધીનું),

**અંગ્રેજી માટે** અંગ્રેજીમાં દશમાં સુધીનું ગ્રામરનું નોલેજ જોઇએ. UPSC માં અંગ્રેજીનું ૩૦૦ માર્કસનું પેપર આવે છે. મેઇન એકઝામમાં ૩૦૦ માંથી ૨૫ ટકા માર્કસે પાસ થવુ જરૂરી છે એટલે ૩૦૦ માંથી ૭૫ માર્કસ, આ માર્કસ ફાઇનલ એકઝામમાં ગણાતા નથી.

**OPTIONAL SUBJECT માટે** OPTIONAL ના બે પેપર હોય છે. ઘણા બધા OPTIONAL છે હું તમને ગુજરાતી ભાષાના OPTIONAL વિશે કહું.

